n{[ýt[tÞ W¥th „sht, ÞrTMðrËxeTM ...trût f ð¥t...ºt

સળંગ અંક : ૬૮૬, વર્ષ : ૩૦
અંક : ૭ એપ્રિલ-૦૧, ૨૦૧૭

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"We stand on the brink of a technological revolution that will fundamentally alter the way we live, work and relate to one another. ….. In its scale, scope and complexity, the transformation in its dehumanized form, may indeed have the potential to "robotize" humanity and thus to deprive us of our heart and soul. ….. As a compliment, it can lift humanity into a new collective and moral consciousness based on a shared sense of destiny as well. We do not yet know, how it will unfold, but one thing is clear: the response to it must be integrated and comprehensive, involving all stakeholders of global polity, from the public and private sectors to academia and civil society….. We need to shape a future that works for all of us by putting people first and empowering them."

**Klaus Schwab,** The Fourth Industrial Revolution: What it Means and How to Respond, The Foreign Affairs, December 12, 2015 issue.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ચૈત્ર સુદ એકમના પવિત્ર દિવસથી ઉજ્જૈન સમ્રાટ વિક્રમાદિત્યથી શરૂ કરાયેલ વિક્રમ સંવતનું તથા પાંડવ પુત્ર ધર્મરાજા યુધિષ્ઠિર દ્વારા શરૂ કરાયેલ યુગાબ્દના પ્રારંભિક દિને આપ સૌને નવીન વર્ષની શુભકામનાઓ તથા સફળતાઓ ઈચ્છું છું. ચૈત્ર માસનો પ્રથમ દિવસ આપણા સૌના માટે ગૌરવપૂર્ણ તથા પ્રેરણાદાયક છે. આજના દિવસે બ્રહ્માજી દ્વારા સૃષ્ટિના સર્જનકાર્યની શરૂઆત કરવામાં આવી હતી. મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના રાજ્યાભિષેકનો આ દિવસ. ગુજરાતના મહાન સંત મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વારા આજે આર્ય સમાજની સ્થાપના કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આદ્ય સરસંઘચાલકજી શ્રી કેશવ બલિરામ હેડગેવારજીનો જન્મ દિવસ પણ આજે છે. આ ઉપરાંત, ચૈત્ર સુદ એકમથી મા દુર્ગાની ઉપાસનાનું મહાપર્વ, ચૈત્રી નવરાત્રિનો પણ પ્રારંભ થયો છે. આવા પવિત્ર દિવસોમાં શરૂ કરાયેલ કામને ચિત્તસ્વરૂપા મહાસરસ્વતી, સુખરૂપા મહાલક્ષ્મી અને આનંદરૂપા મહાકાલીના આશીર્વાદ સદૈવ વરસતા જ રહે તે નિશંક છે.

મિત્રો, આપણી યુનિવર્સિટીની ફાઈનલ પરીક્ષાઓ પણ આવા પવિત્ર દિવસોમાં યોજાઈ રહી છે. સમય, સંજોગો અને ટેક્નોલોજીના ઉપયોગથી સમગ્ર પરીક્ષાતંત્રને ચેતનવંતુ બનાવવા સ્પષ્ટ હેતુઓ સાથે કાર્યાન્વિત કરવાનો પ્રયાસ કર્યો છે. પરીક્ષાની સમગ્ર વ્યવસ્થા તથા તંત્રમાં પારદર્શિતા જળવાય; 'પરીક્ષા પછી મૂલ્યાંકનની કામગીરી ઝડપી બને'; 'પરિણામો સમયસર બહાર પડે' અને તે ઉપરાંત, યુનિવર્સિટીનું આર્થિક પાસું પણ ધ્યાને લઈ જૂની ઝુમખા પદ્ધતિ રદ કરી, નવી મદયસ્થ ઓબઝર્વેશન, રીસીવીંગ અને મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. આખી પદ્ધતિ ખૂબ પરિપક્વતાથી ચિંતન કરી અમલમાં મૂકી છે તથા બધા જ પક્ષકારોના અભિપ્રાય ધ્યાને લઈ, વ્યવસ્થિત તાલીમ ગોઠવી, પરીક્ષાતંત્રનું મેન્યુઅલ બનાવવાની દિશામાં પ્રયત્નો હાથધરાયા છે. રોજે રોજ યોજાતી પરીક્ષાની ઉત્તરવહીઓ યુનિવર્સિટીના મદયસ્થકેન્દ્રમાં જમા થાય છે.

પાંચ જિલ્લાની ૩૬૯ કોલેજો માટેની આ વ્યવસ્થામાં ૮૩ સ્થળોએ ૧૬૯ પરીક્ષા કેન્દ્રો પર પ્રથમ ચરણમાં ૪૪ પરીક્ષાઓમાં ૯૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સરળ રીતે પરીક્ષાઓ આપી શકે તે માટે તંત્ર સવારના વહેલા છ વાગ્યાથી રાત્રિના અગીયાર વાગ્યા સુધી આ કામગીરી મિશન મોડથી કામ કરે છે. સમગ્ર કામગીરીમાં જોડાયેલ સૌ મિત્રો અભિનંદનને પાત્ર છે. યુનિવર્સિટીના આ પરીક્ષા મહોત્સવમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી મિત્રોની બેટરી સતત રી-ચાર્જ થતી રહેતી હોવાથી નવીન ઉત્સાહ તથા જોશ અકબંધ જોવા મળે છે. પરીક્ષા કેન્દ્રો પરથી તમામ ઉત્તરવહીઓ રોજેરોજ યુનિવર્સિટીમાં જમા થાય છે. અને એક દિવસ બાદ તે મૂલ્યાંકન માટે જે તે અદ્યાપકને મળે તેવી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે. સમગ્ર દિવસ દરમ્યાન તમામ પરીક્ષા કેન્દ્રો

પરથી વોટ્સએપમાં ઉભું કરાયેલું ગ્રૃપ સતત સંદેશાઓ, માર્ગદર્શન તથા પરીક્ષા સ્થળના ફોટા તથા કામગીરીના વિડિયો દર્શન બધાને પ્રેરણા પૂરી પાડે છે.

મિત્રો, ટેક્નોલોજીના યુગે સૌનો સાથ, સૌનો વિકાસના મહામંત્રને ચરિતાર્થ કરવામાં મુખ્ય ભૂમિકા સહજ બનાવી છે. પહેલી ટેક્નોલોજીકલ ક્રાંતિએ પાણી અને વરાળથી માણસને બદલે યંત્રોથી કામ કરવાની ઉત્પાદન પદ્ધતિને જન્મ આપ્યો. બીજા ચરણમાં, વીજળીની શોધથી યંત્ર શક્તિનો મહત્તમ ઉપયોગ કરી વિપુલ ઉત્પાદન શક્ય બનાવ્યું. આ ક્રાંતિના ત્રીજા ચરણમાં ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ ઉત્પાદનની પ્રક્રિયામાં આધુનિકરણ લાવી સ્વયં સંચાલિત 'રોબોટ'ને પ્રસ્થાપિત કર્યો. હાલના આ ટેક્નોલોજીકલ ક્રાંતિનું ચોથું ચરણ, ત્રીજા ચરણની ટેક્નોલોજી પર સવાર થઇ આવ્યું છે અને ડીઝીટલ ક્રાંતિ ઝડપથી વિકસી રહી છે. આ ક્રાંતિ તમામ પ્રકારની ટેક્નોલોજી વચ્ચેના ભેદને દૂર કરી, તમામ બાબતોનું સંગમ કરી, ભૌતિક, ડિઝીટલ તથા બાયોલોજીકલ ક્ષેત્રોના ભેદો મિટાવી ટેકનોલોજિકલ નવીનીકરણની ઊંચાઈઓ પ્રાપ્ત કરી રહી છે. આ ચોથી ટેકનોલોજિકલ ક્રાન્તિએ વસ્તુઓ તથા સેવાઓમાં નવીનીકરણનો દર ખૂબ ઝડપથી વધાર્યો છે. સાથે સાથે વસ્તુ તથા સેવાની નિરર્થકતા, મૂલ્યહીનતા પણ પ્રસ્થાપિત કરી છે.

ટેકનોલોજિના સંગમથી ઊભું થયેલું ક્રાન્તિનું આ ચોથું મોજું સમગ્ર વિશ્વના લેબર માર્કેટને અકલ્પનીય સ્વરૂપમાં મૂકશે. માણસને બદલે મશીનની કાર્યશૈલીમાં 'મૂડી'ને બદલે 'ટેલેન્ટ' થકી વધારે આર્થિક ફાળો ઉદ્‌ભવશે. આવતા સમયમાં ઓછી આવડત-ઓછો પગાર (Low-Skill/Low Pay) ને બદલે વધુ આવડત-વધુ પગાર (High-Skill/High Pay) સહજ બનશે. જે સમાજજીવન પર નવા પ્રકારનું ટેન્શન ઉભું કરશે. ઉચ્ચ કક્ષાની સ્કીલ્સ ધરાવતા માનવબળની માંગ વધશે અને ઓછી સ્કીલ્સ ધરાવતા લોકો અને ઊંચી સ્કીલ્સ ધરાવતા લોકોના પગારમાં અકલ્પનીય ભેદ ઉભો થશે. સમગ્ર વિશ્વમાં મિડલ કલાસના લોકોમાં ખૂબ જ અસંતોષ ઉભો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. સોશિયલ મિડીયામાં ઈન્ટરનેટના માધ્યમથી આજે ૩૦%થી વધુ વસ્તી જોડાઈ છે જે આ અસંતોષનો પ્રચાર, પ્રસાર ઝડપથી કરશે. આથી તમામ કામગીરી ખૂબજ પારદર્શિતાથી કરવી ખૂબ જ જરૂરી બનશે. તમામ પક્ષકારોની અપેક્ષાઓ વધારે રહેશે. પારદર્શક વહીવટ થકી જ આ મોજાનું અસરકારક સંચાલન શક્ય બનશે.

જ્યારે ભૌતિક, ડીજિટલ અને બાયોલોજિકલ સંગમથી નવીન ટેકનોલોજિ તથા નવા પ્લેટફોર્મ ઝડપથી વિકસી રહ્યા હોય ત્યારે નાગરિકોને સરકારો, સંસ્થાઓ સાથે સારી રીતે જોડવાનું શક્ય બન્યું છે. સંસ્થાઓ તેમની નીતિઓ પ્રજાભિમુખ બનાવશે તો જ નવા સમયની માંગને સંતોષી શકશે. કાયદાઓ તથા તેનો અમલ અસરકારક કરવા માટે નવી ટેકનોલોજિનો ઉપયોગ બધાએ સ્વીકારવો પડશે.

આજે સમગ્ર વિશ્વ ચાર પ્રકારના વિધ્વંસકારી (Disruptive) પરીબળોના સકંજામાં આવી ગયું છે. આ પરીબળો એટલી તીવ્ર ગતિથી (Paradigm Shift) બદલાવ લાવી રહ્યા છે કે માણસે આ ગતિની સાથે કદમ મિલાવવા પોતાના વિચારો તથા કામ કરવાની રીત બદલવી પડશે નહીંતર ટકાઉ વિકાસ શક્ય નહીં બને. પહેલું વિધ્વંસકારી પરીબળ સમગ્ર વિશ્વમાં ઊભતરી નવી આર્થિક પદ્ધતિ છે. આજે દર અઠવાડિયે સમગ્ર વિશ્વમાં ૧૫ લાખ લોકો શહેરો તરફ જઈ રહ્યા છે. શહેરીકરણના ઝડપથી બદલાતા પ્રવાહોથી બજારની પરિસ્થિતિ પ્રમાણે બદલાવ જરૂરી બન્યો છે. આની સૌથી મોટી અસર ખેતીપ્રધાન દેશો પર સૌથી વધુ થવાની છે. એક અંદાજ મુજબ વૈશ્વિક ધોરણો પ્રમાણે ૨૦ ટકા વસ્તી મધ્યમ વર્ગમાં છે, જે ટૂંક સમયમાં વધીને ૪૦ ટકાના આંકડાને પાર કરશે. સમગ્ર વિશ્વમાં મધ્યમ વર્ગ એક મોટા બજાર તરીકે ઉભરી રહ્યું છે. આ બાબતને ધ્યાને લઈ વિશ્વની ટોચની ફોરચ્યુન-૫૦૦ની યાદીમાં ટોચની કંપનીઓ જેવી કે એરબસ, આઈબીએમ, નેસ્લે, શેલ વિગેરે તેમના મુખ્યાલયો અમેરિકા તથા યુરોપમાંથી ખસેડી, ચીન તથા ભારત જેવા દેશોમાં તેમના હેડ ક્વાર્ટસ સ્થાપવામાં લાગી ગઈ છે. આ બધી જ કંપનીઓ નવીનીકરણના માધ્યમથી ઓછી કિંમત-વધુ ગુણવત્તાના સિદ્ધાંતને લઈ વિપુલ બજાર સર કરવા પ્રયત્નશીલ છે. આ કંપનીઓનું અનુમાન છે કે વર્ષ ૨૦૨૫ સુધીમાં વિશ્વનું ૫૦ ટકા માર્કેટ, આ ઉભરતા ૪૪૦ જેટલા શહેરીકરણ પામેલા વિસ્તારોમાંથી ઊભું થશે.

બીજું, વિધ્વંસકારી પરીબળ ટેકનોલોજિના સંગમથી ઊભું થયેલું છે. રેડીયોના શોધ થયા પછી ૫ કરોડ સાંભળનારા મેળવતાં ૩૮ વર્ષ લાગ્યા હતા. જ્યારે ફેસબુક પર પ્રથમ વર્ષે જ ૬ કરોડ વપરાશકર્તા નોંધાયા હતા. ચીનની પ્રસિદ્ધ ઈન્ટરનેટ સેવા ૩૦ કરોડ લોકો (WeChat) વાપરે છે. આજે વિશ્વની ૬૭ ટકા વસ્તી મોબાઈલથી સજ્જ છે. આ ફેરફારોને લીધે વિશ્વ બજારમાં જે ઝડપે ફેરફારો થાય છે તેની સાથે કદમ ન મિલાવી શકનારા, ઝડપથી લુપ્ત થઈ જશે.

ત્રીજું, વિધ્વંસકારી પરીબળ 'ગ્લોબલ ગ્રીડ' છે. સમગ્ર વિશ્વની માનવ શક્તિ, મૂડી અને માહિતી ઝડપથી સ્થળાંતર કરી રહી છે. એશિયા ખંડ વિશ્વનું મોટું વેપાર કેન્દ્ર બની રહ્યું છે. નેટબેન્કિંગથી મૂડી પલકારમાં એક સ્થળેથી બીજે સ્થળે પહોંચી જાય છે.

ચોથું, પરીબળ માનવબળમાં થઈ રહેલા ફેરફારો છે. વિશ્વના અનેક દેશોમાં પ્રજોત્પતિનો દર શૂન્ય તરફ જઈ રહ્યો છે. કુટુંબો સાવ નાના બની રહ્યા છે. બીજી બાજું, અનેક રાષ્ટ્રોમાં માત્ર ઘરડા લોકો જ રહી જશે તેવી શક્યતાઓ છે. ભારત જેવા દેશ માટે, સમગ્ર વિશ્વને માનવશક્તિ પહોંચાડવાનું શક્ય બનશે.

આવા વિધ્વંસકારી પરિબળો પોતાનો કબજો જમાવે તે પહેલાં આવો આપણા વિશ્વવિદ્યાલયોને વૈશ્વિક સ્વરૂપ આપવાની શરૂઆત આપણાથી કરીએ. સ્થાનિક મુદ્દાઓથી ઉપર ઊઠી, ભાવી સામે નજર કરી સજ્જતા કેળવવાની દિશામાં આગળ ઊઠવા પ્રયત્નો શરૂ કરીએ.

તા. ૦૧-૦૪-૨૦૧૭
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

| No. | Name of the Candidate | Title of the Thesis | Faculty & Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **LAKUM DINESHBHAI GOVINDBHAI** | A STUDY OF MARKET MANAGEMENT OF MILK PRODUCTIVE CO-OPERATIVE GROUPS IN ANAND DISTRICT WITH REFERENCE TO GLOBALISATION | **ARTS** GUJARATI | **DR. R.N. DESAI** SHRI. V.R. PATEL COLLEGE OF COMMERCE MEHSANA |
| 2. | **KYADA ASHISHKUMAR VRAJLAL** | EVALUATION OF LIPID METABOLISM MODULATORY AND ANTI-A THEROGENIC EFECTS OF CALOTROPIS PROCERA (Ait.) R. BR. EXTRACTS IN HYPERLIPIDAEMIC RATS | **PHARMACY** PHARMACOLOGY | **DR. D.D. SANTANI** DEPARTMENT OF PHARMACOLOGY NIMS MEDICAL COLLEGE JAIPUR |
| 3. | **CHAUDHARI VIRENDRAKUMAR RAMJIBHAI** | THE SOCIO-ECONOMIC AND CULTURAL CHANGE OF THE ANJANA CHAUDHARI SAMAJ OF THE POST - INDEPENDENCE MAHESANA DISTRICT : A STUDY | **ARTS** GUJARATI | **DR. R.T. SAVALIYA** DIRECTOR-IN-CHARGE B.J. INSTITUTE OF LEARNING & RESEARCH AHMEDABAD |
| 4. | **CHAUHAN VASANTRAY AMRUTLAL** | IMPACT AND USE OF ELECTRONIC RESOURCES IN UNIVERSITY LIBRARIES IN GUJARAT : A STUDY | **ARTS** LIBRARY AND INFORMATION SCIENCE | **DR. V.L. BHAVSAR** LIBRARIAN ANAND EDUCATION COLLEGE, ANAND |
| 5. | **PATEL ASHABEN KIRTIBHAI** | STUDIES ON MASS MULTIPLICATION AND PHYTOCHEMICAL ANALYSIS OF PTEROCARPUS MARSUPIUM (ROXB); AN IMPORTANT MEDICINAL PLANT | **SCIENCE** BOTANY | **DR. I.C. PATEL** DEPT. OF LIFE SCIENCE H.N.G.UNIVERSITY PATAN |
| 6. | **PATEL KIRANKUMAR BALDEVBHAI** | PLANT RESOURCE SURVEY OF RIVERION VEGETATION OF SABARKANTHA DISTRICT IN NORTH GUJARAT | **SCIENCE** BOTANY | **DR. N.B. PATEL** SMT. S.M. PANCHAL SCIENCE COLLEGE TALOD |
| 7. | **THAKOAR AMISHKUMAR GHANSHYAMBHAI** | A COMPARATIVE STUDY OF BODY MASS INDEX AND PHYSICAL FITNESS OF PLAYERS AND NON-PLAYERS OF TRIBAL SCHOOL CHILDREN | **EDUCATION** PHY.EDUCATION | **DR. P.B. THUMAR** DIRECTOR OF PHYSICAL EDUCATION THE M.S. UNIVERSITY BARODA |
| 8. | **PANCAL TEJENDRAKUMAR PRAVINBHAI** | AMRUTLAL VEGADNU PRAVAS-SAHITY : EK ABHYAS | **ARTS** GUJARATI | **DR. UTPAL PATEL** ARTS & COMMERCE COLLEGE HIMMATNAGAR |
| 9. | **JAGIWALA JAGRUTI HARISHCHANDRA** | ESTIMATING CARBON SEQUESTRATION IN NATIVE TREE SPECIES : AN APPROACH TO COMBAT THE CLIMATE CHANGE | **SCIENCE** ENVIRONMENTAL SCIENCE | **DR. N.A. DHARAIYA** DEPT. OF LIFE SCIENCES HEM. NORTH GUJARAT UNIVERSITY, PATAN. |
| 10. | **VYAS KRUTI KIRITKUMAR** | A STUDY, ANALYSIS AND PROTOTYPE DESIGN OF SEMANTIC WEB PERSONALIZATION USING SEMANTIC WEB MINING | **MANAGEMENT** COMPUTER SCIENCE | **DR. V.M. CHAVDA** PRINCIPAL N.P. COLLEGE OF COMPUTER STUDIES & MANAGEMENT, KADI |

| No. | Name of the Candidate | Title of the Thesis | Faculty & Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 11. | **PRAJAPATI JAGADISHBHAI BAHECHARBHAI** | A COMPARATIVE STUDY ON REGIONAL JURISDICTION OF VARIOUS UNIVERSITES ACTS, WITH SPECIAL REFERENCE TO STATE OF GUJARAT | **LAW** LAW | **DR. J.U. NANAVATI** PRINCIPAL SHETH M.N. LAW COLLEGE PATAN. |
| 12. | **PATEL BHAKTIBEN JAYANTILAL** | A STUDY OF CONVENTIONAL AND NON CONVENTIONAL FARMING METHODS IN AGRICULTURAL DEVELOPMENT IN SABARKANTHA | **ARTS** ECONOMICS | **DR. A.K. PATEL** S.S. MEHTA ARTS & M.M. PATEL COMMERCE COLLEGE, HIMATNAGAR. |
| 13. | **PATEL NILESHKUMAR GANGARAMBHAI** | DEVCHANDRAGANI VIRCHIT CHANDRALEKHA VIJAYPRAKRAN : EK SAMIKSATMAK ADHYAYN | **ARTS** GUJARATI | **DR. D.B. RATHVA** PROF. & HEAD DEPT. OF SANSKRIT & BHARATIYA VIDYA HEM. NOTRTH GUJARAT UNIVERSITY, PATAN. |
| 14. | **HATHILA MINESHKUMAR VALCHANDBHAI** | CHANGES IN CROP PATTERN AND PRODUCTION IN THE AGRICULTURAL SECTOR (WITH SPECIAL REFERENCE TO DAHOD DISTRICT OF THE STATE OF GUJARAT) | **ARTS** GUJARATI | **DR. R.N. DESAI** SHRI. V.R. PATEL COLLEGE OF COMMERCE MEHSANA. |
| 15. | **MODI JAYESH PRAVINCHANDRA** | MANAGEMENT STRATEGY OF NEWSPAPERS OF GUJARAT : A CRITICAL ANALYSIS | **ARTS** JOURNALISM | **DR. MANOJ KUMAR LODHA** DEPT. OF MEDIA STUDIES HARIDEV JOSHI UNIVERSITY OF JOURNALISM AND MASS COMMUNICATION JAIPUR |

## વકતૃત્વ સ્પર્ધા




✻ તા. ૨૧-૦૨-૨૦૧૭ના રોજ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ દ્વારા ‘‘ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન’’ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ. સ્પર્ધામાં પ્રથમ નંબરે પાર્થ બારોટ અને પાયલ પટેલ, દ્વિતીય નંબરે ફિરદોશ સૈયદ અને તૃતિય નંબરે દિગ્વિજય ગુર્જર રહ્યા હતા.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

**એન.એસ.એસ.**

✻ વડાલી કોલેજના એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે વડાલી તાલુકાના જેતપુર ગામે તા. ૦૨-૦૧-૨૦૧૭ થી તા. ૦૮-૦૧-૨૦૧૭ દરમિયાન એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર યોજાઇ. શિબિરમાં યોગાસન અને ગ્રામ સફાઇ, બૌદ્ધિક વ્યાખ્યાનો, મહેંદી, રંગોલી, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા, સામાજિક ફિલ્મ પ્રદર્શન, વ્યસન મુક્તિ અંગેનો કાર્યક્રમ, સામાજિક કુ-રિવાજો પ્રત્યે જાગૃતિ લાવનારા નાટકો, લોક ડાયરો અને વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું.

✻ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજની રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા મું. વસાઇ (ડાભલા) તા. વિજાપુર ખાતે ખાસ શિબિરનું આયોજન તા. ૧૦-૦૨-૨૦૧૭થી તા. ૧૬-૦૨-૨૦૧૭ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ ચેતનાના વિવિધ વિષયોને આવરી લેતા કાર્યક્રમોનું આયોજન હાથધરવામાં

આવ્યું હતું.

✻ ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના એન.એસ.એસ. વિભાગની વાર્ષિક શિબિર ખેડબ્રહ્માના તાંદલિયા કંપા ખાતે તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૬-૦૨-૨૦૧૭ દરમિયાન યોજાઇ. શિબિર દરમિયાન પ્રભાતફેરી, યોગાસન, બૌદ્ધિક વ્યાખ્યાન, રેલી, પ્રદર્શન, બાળ સુરક્ષા, અંધશ્રદ્ધા નિવારણ, ફાયર રેસ્ક્યુ, વ્યસન જાગૃતિ, બ્યુટી પાર્લરની તાલીમ, સામાજિક જાગૃતિ અંગે નાટક શો, સાક્ષરતા અને પર્યાવરણ જાળવણી વિશે ફિલ્મ નિદર્શન, કેશલેશ સિસ્ટમ, ડીઝીટલ ઇન્ડિયા, કુદરતી નિસર્ગોપચાર અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

✻ હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજ, હિંમતનગરની રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની વાર્ષિક શિબિર મુ. સોનાસણ, તા. પ્રાંતિજ ખાતે તા. ૨૪-૦૨-૨૦૧૭ થી તા. ૦૨-૦૩-૨૦૧૭ સુધી યોજવામાં આવી. શિબિર દરમિયાન ડિજીટલ-મોબાઇલ બેંકીંગ, પ્રભાતફેરી, યોગ, ગ્રામ સફાઇ, વ્યસન નાબુદી રેલી, અંધશ્રદ્ધા જાગૃતિ માર્ગદર્શન, સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવો, સ્વચ્છતા અભિયાન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, બૌધિક રમતો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. શ્રી નવનીતભાઇ પટેલ, મેડીકલ માઇક્રોબાયોલોજીસ્ટ, મોડાસાએ માનવ જીવન અને તંદુરસ્તી વિષય પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી પુરી પાડી હતી.

✻ શ્રી ગોપાળદાસ પટેલ ફાઉન્ડેશન, સોનાસણ સંચાલિત સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલય, સોનાસણ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા વાર્ષિક શિબિરનું આયોજન દત્તક ગામ સોનગઢ, તા. પ્રાંતિજમાં કરવામાં આવ્યું હતું. શિબિરમાં બ્લડ ડોનેશન કેમ્પ, કેશલેશ વ્યવહાર અને ડીઝીટલ બેંકીગ અવરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વ્યસન નાબુદી, જીવનલક્ષી શિક્ષણ અને એઇડ્સ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો.

✻ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની વાર્ષિક શિબિર તા. ૨૬-૨-૧૭ થી તા. ૪-૩-૧૭ દરમિયાન પાલનપુર તાલુકાના પારપડા ગામે યોજાઇ હતી. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ભરત વૈદે કેમ્પ દરમિયાન કરવામાં આવનાર વિવિધ કાર્યક્રમોની ઝલક આપી હતી. ૫૦ જેટલા સ્વયં સેવકોએ પ્રભાતફેરી, સ્વચ્છતા, યોગ ધ્યાન, કેશલેશ જાગૃતિ, ગ્રામ વિકાસ, બાળ ઉછેર, મહિલા વિકાસ, વ્યસન મુક્તિ જેવા સામાજિક કાર્યોને લગતા કાર્યક્રમો અને વ્યાખ્યાનો યોજાયા હતાં.

✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ અને શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના સંયુક્ત ઉપક્રમે એન.એસ.એસ. શિબિર લોટેશ્વર મુકામે યોજાઇ. કોલેજના સંચાલક નવીનભાઇ ભોજકે સ્વચ્છતા અને સજ્જનોની સંગતિ વિશે ચર્ચા કરી હતી.

## ઉજવણી

**ઉજવણી**

✻ શ્રી એસ.એ. સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કોલેજ, થરાના ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી. ગુજરાતી વિષયના વિભાગાધ્યક્ષા ડૉ. વર્ષાબેન જે. ઠક્કરે માતૃભાષાનું મહત્ત્વ સમજાવી વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ પ્રાથમિક કક્ષાએથી જ ગુજરાતી ભાષામાં આપવા હિમાયત કરી હતી. વિદ્યાર્થીઓએ ગીત, ગઝલ, કાવ્ય પઠન, વાર્તા, હાસ્ય-કટાક્ષ પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા.

✻ મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત સર પી.ટી. સાયન્સ કોલેજ અને જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી મોડાસાના યજમાન પદે ગુજરાતના ન્યુક્લિયર ભૌતિકશાસ્ત્રી ડૉ. એસ.પી. પંડ્યા, ભૂતપૂર્વ ડાયરેક્ટર પી.આર.એલ.ની હાજરીમાં ૨૪-૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમિયાન ગુજકોસ્ટ ગાંધીનગર અને આઇ.એ.પી.ટી. આર.સી.-૭ ગુજરાતના સહયોગથી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી થઇ હતી.

## કાર્યક્રમ

✻ એમ.એમ.આઇ. ટ્રસ્ટ સંચાલિત એસ.બી. મહિલા આર્ટ્સ કોલેજ, મહેતાપુરા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ તથા સ્પોર્ટ્સ વિભાગ દ્વારા તા. ૨૬-૦૧-૨૦૧૭ના રોજ ''સ્પોર્ટ્સ ડે'' તથા ''ફનફેર''નો કાર્યક્રમ રાખેલ હતો. કાર્યક્રમમાં ક્રિકેટ, યુનિવર્સિટીમાં સિદ્ધિ અને સ્થાન મેળવેલ વિદ્યાર્થિનીઓનું સન્માન, ભૂતપૂર્વ વિદ્યાર્થિનીનું સન્માન, ખાણીપીણીના સ્ટોલનું આયોજન કરેલ હતું.

✻ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરમાં તા. ૨૩-૦૨-૨૦૧૭ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ''માઇન્ડ પાવર પ્રોગ્રામ'' વિષય પર કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમમાં ગાંધીનગરથી ઉપસ્થિત શ્રી જેઠાભાઇ પટેલે માનવજીવનમાં મનની અદ્ભૂત શક્તિનો શું ફાળો હોય તેની માહિતી આપી હતી. તેમજ કોલેજના સંગીત વિભાગ અને ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, એમ.એસ. યુનિવર્સિટી, બરોડાના સંયુક્ત ઉપક્રમે એજ્યુકેશનલ કલ્ચરલ એક્ષ્ચેન્જ કાર્યક્રમમાં બરોડાની મ્યૂઝીક કોલેજના ૨૧ પ્રોફેસર્સ અને વિદ્યાર્થીઓ પાલનપુર મુકામે ફાઇન આર્ટ્સ કોલેજમાં તા. ૬-૭ માર્ચ, ૨૦૧૭ના રોજ આવેલ. જે અંતર્ગત તા. ૬ માર્ચના રોજ 'નાદ સંવાદ' સંગીત વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. તથા તા. ૭ માર્ચના રોજ પ્રાતઃકાલીન સંગીત સભા 'સૂર પ્રભાત' યોજાઇ હતી.

✻ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ 'ચંદ્રશેખર આઝાદ બલિદાન પર્વ'નો કાર્યક્રમ કોલેજ અને વડગામ મિત્ર વર્તુળ મંચના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. શહિદ ચંદ્રશેખર વિશે ઉપસ્થિત વક્તાશ્રીઓના વ્યાખ્યાનો રજૂ થયા હતા.

✻ ''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૦૫-૦૩-૨૦૧૭ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા ચાલતા બી.એડ્.માં પ્રવેશ પામેલા વિદ્યાર્થી ભાઇઓ-બહેનોની પરિચય બેઠક ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. મહેશભાઇ મુલાણીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.

✻ શ્રી લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૦૬-૦૩-૨૦૧૭ રોજ સપ્તધારા કાર્યક્રમ હેઠળ માઇન્ડ પાવર કાર્યક્રમ શૈલેષભાઇ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં યાદશક્તિ કેવી રીતે વધારવી, એકાગ્રતા કેળવવી તેમજ રોગમુક્ત જીવનશૈલી વિશે માહિતી આપવામાં આવી હતી.

✻ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં 'માતૃભાષા ગૌરવ દિન'ની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુજરાતી સાહિત્યના ઉત્તમ પુસ્તકોનું કંકુથી તિલક કરી પુષ્પથી પુજા કરવામાં આવી હતી. તેમજ

સર્જકો વિશેની માહિતી વિદ્યાર્થિનીઓ દ્વારા આપવામાં આવી અને ગુજરાતી લોકગીત, ભજન, કવિતાની સ્પર્ધા રાખવામાં આવી હતી.

## કોલેજનું મૂલ્યાંકન

એમ.એમ.આઇ. ટ્રસ્ટ સંચાલિત એસ.બી. મહિલા આર્ટ્સ કોલેજ, મહેતાપુરા, હિંમતનગરમાં તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ નેક પિઅર ટીમે કોલેજનું મૂલ્યાંકન કરેલ. ચેરપર્સન ડૉ. યોગેશચંદ્ર દુબે, મેમ્બર કો-ઓર્ડિનેટર ડૉ. સ્નેહલતા રૈના અને મેમ્બર તરીકે ડૉ. નિશા યાદવે કોલેજને B+(2.63 CGPA) ગ્રેડ ફાળવેલ છે.

## ગૌરવ

❊ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં સેમેસ્ટર-૮માં અભ્યાસ કરતી સલોની એમ. સુથારને ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી દ્વારા યુવા પ્રતિભાશાળી ચિત્રકાર (વિદ્યાર્થી શ્રેણીમાં ડ્રોઇંગ એન્ડ પેઇન્ટીંગમાં)નો પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયો છે. તથા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રવિણ ચૌધરીને (કલાકાર કક્ષામાં ગ્રાફીક્સ-પ્રિન્ટ મેકીંગમાં) દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે.

❊ આર્ટ્સ કોલેજ, શામળાજીના પ્રિન્સીપાલ ડૉ. અજય પટેલનું પાટનગર દિલ્હી મુકામે આંતરરાષ્ટ્રીય પરિષદોમાં મૂલ્યવાન સંશોધન લેખોની સર્જનાત્મક અને રચનાત્મક પ્રસ્તુતિ સંદર્ભે શ્રીલંકાના હાઇકમિશનર શ્રીમતી પ્રજ્ઞાસિંગ અને જે.એસ. યુનિ. ઇકોહાબાદના કુલપતિ ડૉ. હરિમોહનજીના વરદ્ હસ્તે આંતર રાષ્ટ્રીય ‘હિન્દી ભાસ્કર’ એવોર્ડથી તા. ૦૪-૦૩-૨૦૧૭ના રોજ સન્માન થયેલ છે.

## દિક્ષાન્ત કાર્યક્રમ



❊ તા. ૦૩-૦૩-૨૦૧૭ના રોજ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં તેજસ્વી તારલાઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ તેમજ દિક્ષાન્ત કાર્યક્રમ યોજાયો હતો. પ્રો. રમેશભાઇ બી. પટેલે કોલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. વિદાય થઇ રહેલ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

❊ ‘હિંમત વિદ્યાનગર’ સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરના બી.એ./બી.કોમ. સેમ-૬ અને એમ.એ., એમ.કોમ. સેમ-૪ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ અને શીલ્ડ અર્પણ કાર્યક્રમ યોજાઇ ગયો. ડૉ. મહેશભાઇ મુલાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમના વક્તા થરા કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. હેમરાજભાઇ પટેલ અને વસો કોઇજના પ્રિ.ડૉ. પંકજભાઇ પટેલે વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેનું વ્યાખ્યાન આપ્યું હતું.

❊ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં તા. ૮-૩-૨૦૧૭ના રોજ વિદાય શુભેચ્છા અને ૪૭મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી. તેમજ સેવા નિવૃત થનાર સંસ્થાના પ્રિ. ડૉ. પ્રફુલ્લાબેન એન. પટેલની વિદાય શુભેચ્છાનું આયોજન કરેલ હતું.

## ફિલ્ડ વર્ક

એસ.બી. મહિલા આર્ટ્સ કોલેજ, મહેતાપુર હિંમતનગરના કોલેજ વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત તા. ૨૫-૨-૧૭ના રોજ પુંસરી ગામ તા. તલોદની મુલાકાત લીધેલ હતી. આ ગામને બેસ્ટ ગ્રામ પંચાયતના ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ કુલ-૬ એવોર્ડ મળેલ છે. કોલેજની ૫૩ બહેનોએ ગામની મહિલાઓ અંગેની ૧૦૦ પ્રશ્નોત્તરી ઘરોમાં જઇ ભરી એક પ્રોજેક્ટવર્ક કરેલ અને જુદા જુદા સ્થળોની મુલાકાત કરેલ.

## તાલીમ

શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૧૦-૩-૨૦૧૭ના રોજ English Improvement, Communicative Skills અને Mock Interview અંગેની તાલીમ શિબિર યોજવામાં આવી. ટ્રેનર શ્રી ડૉ. દર્શન મોદીએ વિદ્યાર્થિનીઓને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી રોજગારલક્ષી ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સદૃષ્ટાંત, સરળ ભાષામાં સમજાવ્યું હતું.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીની પૂર્વ વિદ્યાર્થિની મંડળના મુખ્ય હોદ્દેદારોની મિટિંગ તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ યોજાઇ. જેમાં પૂર્વ વિદ્યાર્થિની મંડળનું રજિસ્ટ્રેશન કરવું, નોકરી કરતી પૂર્વ વિદ્યાર્થિનીઓનો સંપર્ક કરવો, નાણાંકીય ભંડોળ એકત્ર કરીને પરિષદ દ્વારા જરૂરિયાતમંદ છાત્રાઓને આર્થિક સહાય કરવી, વ્યક્તિ વિકાસ, હેન્ડીક્રાફ્ટ વગેરે વર્કશોપ યોજવા અને ટાટ-ટેટ-નેટ-સ્લેટ તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા વ્યાખ્યાનો ગોઠવવા વગેરે મુદ્દાઓની ચર્ચા થઇ.

## વર્કશોપ

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં ગુજરાત સરકારશ્રીના ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા દસ દિવસીય સોફ્ટસ્કીલ ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમનો વર્કશોપ સંપન્ન થયો. જેમાં કોલેજની ૫૦ છાત્રાઓએ ભાગ લીધો. પ્રશિક્ષિકા તરીકે સુશ્રી સોનલબેન અને કૉ. ઓર્ડિનેટર સુશ્રી મોનાલિસાબેન તથા શ્રી અભિન પાઠક હતા.

## વાર્ષિકોત્સવ

સરકારી વિજ્ઞાન કોલેજ, ઇડરનો વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમ તા. ૧૮-૨-૧૭ના યોજાયો હતો. સમારંભમાં અતિથી વિશેષ કુલપતિ પ્રો. બી.એ. પ્રજાપતિએ વિદ્યાર્થીઓને જીંદગીમાં નવી સિદ્ધિઓ હાંસલ કરે એવી શુભેચ્છા પાઠવી હતી. વિવિધ શૈક્ષણિક, રમત-ગમત, સપ્તધારાની વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક હાંસલ કરેલ દરેક વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ પણ રાખેલ હતો.

## વ્યાખ્યાન

❊ ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં તા. ૧૭-૨-૧૭ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણની બોર્ડ ઓફ એક્સટ્રા મ્યુરલ સ્ટડીઝ અંતર્ગત કોલેજકક્ષાની એક દિવસીય

વ્યાખ્યાનમાળા યોજાઇ. પ્રા. બી.એલ. પારગીએ કવિ પ્રહ્લાદ પારેખનાં સંપાદિત કાવ્યો, ડૉ. ભાનુભાઇ રોહિતે, 'દલિત આત્મકથા' તથા ડૉ. એ.એમ. પટેલે '૨૧મી સદીમાં કોમર્સ-સ્નાતક માટેની તકો' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણનાં અર્થશાસ્ત્ર વિભાગમાં તા. ૨૩-૦૨-૨૦૧૭ના રોજ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઊંઝાના આચાર્યશ્રી લીલાબેન સ્વામી દ્વારા ''વિમુદ્રીકરણના પ્રત્યાઘાતો'' વિષય અંતર્ગત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમજ ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ વર્ષ દરમિયાન થયેલા જ્ઞાનોત્સવ કાર્યક્રમોમાં વિજેતા વિદ્યાર્થીઓના ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

❊ હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી સંલગ્ન શ્રી એ.એમ. પટેલ (અવની સીડ્સ) મહિલા એજ્યુકેશન કોલેજ, ઊંઝામાં તા. ૧૦-૩-૨૦૧૭ના રોજ કોલેજ કક્ષાનું વ્યાખ્યાન યોજાયું. જેમાં વક્તા તરીકે કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સીપાલશ્રી ડૉ. એસ.એમ. પટેલે શિક્ષણનો વ્યવસાય અને શૈક્ષણિક મૂલ્યો વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

❊ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે 'હેમચંદ્રાચાર્ય અને માતૃભાષાનું શિક્ષણ' શીર્ષક અંતર્ગત વક્તાશ્રી ડૉ. હસુ યાજ્ઞિક અને ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીના વ્યાખ્યાનનું આયોજન કરેલ હતું.

## સેમિનાર

❊ તા. ૪-૩-૧૭ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાત ઇતિહાસ પરિષદ અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના સંયુક્ત ઉપક્રમે રાજ્ય સ્તરીય પરિસંવાદ યોજાયો. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહે 'ગાંધીયુગીન ગુજરાતી ઐતિહાસિક સાહિત્ય' ઉપર વક્તવ્ય આપ્યું હતું. પૂર્વ કુલનાયક ડૉ. સુદર્શન આયંગરે 'ગાંધીજીના આર્થિક વિચારો' ઉપર વક્તવ્ય આપ્યું. લોકભારતી વિદ્યાપીઠના નિયામક ડૉ. અરૂણ દવેએ 'ગાંધીજીના બુનિયાદી શિક્ષણ' વિષે રજૂઆત કરી. એચ.કે. આર્ટ્સ કોલેજના પ્રિ. ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે 'ગાંધીવિચાર દોહન''વિષય ઉપર પ્રશ્નોત્તરી અંગે ચર્ચા કરી.



❊ તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન (એમ.એડ્.) કૉલેજમાં Current Trends in Research Writing વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ડૉ. આર.જી. કોઠારીએ સંશોધન પેપર અને આર્ટીકલ કઈ રીતે લખવા તેનું ઉદાહરણ દ્વારા સમજ આપી હતી.

❊ ધી ધનસુરા પી.કો.ઓ. બેંક લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધનસુરામાં તા. ૨૭-૩-૨૦૧૭ના રોજ આઇ.ક્યૂ.એ.સી. વિભાગના ઉપક્રમે નેક રી એક્રીડીટેશન વિષય પર નેશનલ સેમિનાર યોજાયો. કીનોટ પર્સન પ્રિ. ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે ઉચ્ચશિક્ષણમાં નેકનું



મહત્ત્વ, જે એરિયામાં કૉલેજ હોય તે એરિયાની જરૂરિયાત પ્રમાણે સિલેબસ હોય તો વિદ્યાર્થીને સહેલાઈથી જોબ મળી રહે તથા ઉચ્ચશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સમાજાભિમુખ કરવા જોઈએ, શિક્ષકની સામાજિક જવાબદારી જેવા વિષયોનું મહત્ત્વ સમજાવ્યું, એમ.જી. સાયન્સ કૉલેજના પ્રિ. ડૉ. બી.કે. જૈને લીડરશીપ, સ્ટાફમેમ્બરની યુનિટી, કૉલેજના ઉત્તમ પર્ફોમન્સ માટેની માહિતી આપી તથા ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રિ. ડૉ. નિરજાબેન ગુપ્તાએ શોર્ટટર્મ કોર્સ ચાલુ કરવા પર ભાર આપ્યો હતો.

❊ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં કે.સી.જી. પ્રકલ્પ ઉદ્દીશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ અંગે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. તજજ્ઞ શ્રી વદનસિંહ વાઘેલા અને પ્રવિણસિંહ હડીયોલે વ્યાખ્યાન આપ્યું હતું.

## સ્પર્ધા

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા 'સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા' અંતર્ગત તા. ૧૦-૨-૨૦૧૭ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તેમાં પ્રથમ ક્રમાકેં બુબડિયા અલકેશભાઇ બી., દ્વિતીય સ્થાને પરમાર અશ્વિનભાઇ સી. તથા તૃતીય સ્થાને રાઠોડ ચિંતન આર. વિજેતા રહ્યા હતા.

❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કોલેજ થરાના ઉપક્રમે તા. ૧૭-૨-૨૦૧૭ના રોજ સપ્તધારા અંતર્ગત ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં તા. ૨૧-૦૨-૨૦૧૭ના કે.સી.જી. દ્વારા આયોજીત 'ખાદી ફોર નેશન - ખાદી ફોર ફેશન' વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે રાજપૂત સોનલ, દ્વિતીય નંબરે બારડ કુલદિપસિંહ, તૃતીય નંબરે પટેલ ટીના રહ્યા હતા. પ્રથમ નંબરે આવેલ રાજપૂત સોનલબેને યુનિવર્સિટી કક્ષાની તા. ૪-૩-૨૦૧૭ની સ્પર્ધામાં પાટણ ખાતે દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

❊ શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરમાં રજત જયંતી મહોત્સવ નિમિત્તે તા. ૨૨-૦૨-૨૦૧૭ના રોજ મહેંદી-કેશગૂંથન-રંગોળી સ્પર્ધા યોજાઈ. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબરે રાવળ વર્ષા, દ્વિતીય નંબરે દરજી રશ્મિ, તૃતીય નંબરે દવે અવની તેમજ કેશગૂંથન સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ ફ્લોરા, દ્વિતીય નંબરે પ્રજાપતિ પાયલ, તૃતીય નંબરે રામી પલક અને રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ નિધિ, દ્વિતીય નંબરે ઠાકોર સોનલ અને પટેલ રાધિકા, તૃતીય નંબરે પટેલ શિવાંગી અને ધનુલા અંજલિ વિજેતા રહ્યા હતા.

✽ વીર શહીદ ભગતસિંહ ઓલ ગુજરાત ઓપન મેરેથોન સ્પર્ધા તા. ૨૬-૦૨-૨૦૧૭ના રોજ વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાઇ જેમાં ગુજરાતમાંથી ૩૬૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પુરુષ વિભાગમાં અનુક્રમે ઠાકોર અર્જુનજી સંપતજી, યાદવ ઉમેશ રાજનાથ, ઠાકોર સંજયજી જયંતિજી બહેનોના વિભાગમાં અનુક્રમે ભણાત કાજલ દાદુભાઇ, બરંડા વીણાબેન લાલજીભાઇ અને ઠાકોર હિરલબેન ઉદાજી વિજેતા રહ્યા હતા.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રી હિંમતવિદ્યાનગર સ્થિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ, કોમર્સ કોલેજ, રાધનપુર દ્વારા તા. ૧૧-૦૩-૨૦૧૭ના રોજ ઢીમા તેમજ નડાબેટ સીમા દર્શન પીકનીકનું આયોજન થયું. જેમાં વિદ્યાર્થીઓએ ભારત-પાકિસ્તાન બોર્ડર, શસ્ત્ર પ્રદર્શન તેમજ બી.એસ.એફ.ની કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

# પુસ્તક સમીક્ષા

**વહીવટની વાતો**

લેખક : શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, પ્રકાશક : શ્રી હસમુખ શાહ

પ્રકાશન વર્ષ : ૨૦૦૫, કિંમત : ૪૦૦

પૃષ્ઠ : ૧૬ + ૩૯૨, વિતરક : રંગદ્વાર પ્રકાશન

જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

પુસ્તકનું અક્ષરાંકન, મુદ્રણ અને બાંધણી યોગ્ય ગુણવત્તાનાં છે. મુખપૃષ્ઠ (પૂઠું) લેમિનેશન કરેલ મજબૂત બનાવવામાં આવેલ છે.

શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે ગુજરાત સરકારના જાહેર વહીવટમાં પસાર કરેલા ૧૩ માર્ચ, ૧૯૫૧ થી લઇ તા. ૧-૯-૧૯૮૪ને બે વાર છ-છમાસનું રિએમ્પ્લોયમેન્ટ સચિવ તરીકે અને ત્યાર બાદ નવી બનેલ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ખાસ ફરજ અધિકારી અને ત્યારબાદ કુલપતિ પદે ૩૧ જુલાઇ, ૧૯૯૨ના રોજ નિવૃત્ત થયા. આટલી લાંબી સરકારી નોકરીની આ સ્મરણયાત્રા સાડા ચાર વરસ ચાલેલી ગુજરાત સમાચારની લેખનમાળાના માધ્યમથી વાચકો સમક્ષ આવી હતી. તેને સંકલન કરી પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો આ પ્રયત્ન સરકારી સેવા કરનારાઓ માટે એમ અનુભવનો દરિયો છે. કુલ ૧૫ પ્રકરણમાં ૨૨૪ જેટલા નાના-મોટા સરકારી નોકરી દરમ્યાનના પ્રસંગો અહીં યાજ્ઞિક સાહેબ દ્વારા રજૂ થયા છે. જો કે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિના કાર્યકાળની વાતો અહીં વણી લેવામાં નથી આવી, પરંતુ મારી જાણ મુજબ સાહેબ માટે એક સ્વતંત્ર પુસ્તક લખી રહ્યા છે.

દરેક પ્રસંગના વર્ણનમાં શૈલીની વિશિષ્ટતાને કારણે એક આખું ભાવ વિશ્વ પેદા થાય છે અને આરંભના સમયમાં સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપનાના પ્રસંગો વાંચીને તો એક જુદા જ પ્રકારની પ્રતિતિ થાય છે કેવા અભાવમાં એક રાજ્યનું સર્જન થાય છે એ ઘટનાઓ વર્તમાનના સરકારી સેવકોને મૌનમાં ઘણું કહી જાય છે. એક કર્મપ્રધાન સરકારી સેવક માટે સરકારી નોકરી કેવી રીતે જીવનની આનંદયાત્રા બને છે તે પુસ્તક વાંચન ઉપરથી અનુભવાય છે. આદરણીય યાજ્ઞિક સાહેબ માટે આ સરકારી નોકરી આવી જીવનની આનંદયાત્રા છે.સરકારી વહીવટની વાતોથી યાજ્ઞિક સાહેબે આવનારી પેઢી માટે જાણે કેસ સ્ટડી રૂપ આ ઘટનાઓ ખૂબ જ પ્રામણિક્તા પૂર્વક મૂળ સ્વરૂપે જ આલેખાતી હોય તેવી પ્રતિતિ વાચકને થાય છે. આવા પ્રકારના સાહિત્યનું સર્જન ખૂબ ઓછું થતું હોય છે. કારણ કે 'લખી શકાય તેવું જીવન પણ કેટલા જીવે છે' એવા વર્તમાન સંજોગોમાં આ પુસ્તક ગુજરાતની પ્રજાની અને રાજ સેવકોની ખૂબ સેવા કરશે અને યાજ્ઞિક સાહેબનો પરિશ્રમ ચોક્કસ અનેક માટે પ્રેરણા રૂપ બનશે તેવી અપેક્ષા છે.

સમીક્ષક
પ્રો. દિલીપ સી. પટેલ
સંસ્કૃત વિભાગ
હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઇ-મેઇલ : udichyahngu@gmail.com

## સબરસ

ગણિતના શિક્ષક સ્ટાફ રૂમમાં બેસીને ખાલી ડબામાં રોટલી ડુબવીને ખાતા હતા....

તે જોઇને ગુજરાતીના શિક્ષણ બોલ્યા અલ્યા ડબામાં શાક તો નથી? ગણિત શિક્ષક બોલ્યા અમે શાકને X (એક્સ) ધારેલ છે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Bharat Solanki**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.